


Design By : Banas Dairy Media

પ્રકાશન : ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેકટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



# બનાસની ધરતીનો ધબકાર

અંક: ૨૯ | માર્ચ - ૨૦૨૫

www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**બનાસ ડેરીની ક્રાંતિકારી પહેલ: સેક્સ સીમેન સોર્ટિંગ મશીનનો મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરાયો શુભારંભ**

**બનાસથી બિહાર: બનાસ ડેરીની મહિલા પશુપાલકને બિહારમાં કરાયા IDA એવોર્ડથી સન્માનિત**

**પશુપાલકોના જીવનમાં પરિવર્તન: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ પશુપાલકોના જીવનમાં ભર્યા આર્થિક સમૃદ્ધિના રંગ**



# બનાસ ડેરીની ક્રાંતિકારી પહેલ:
# સેક્સ સીમેન સોર્ટિંગ મશીનનો મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં કરાયો શુભારંભ



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને માન. ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ભારતમાં નિર્મિત પ્રથમ સેક્સ સીમેન સોર્ટિંગ મશીનનો દામા (ડીસા) ખાતે બનાસ ડેરીના સીમેન પ્રોડક્શન યુનિટમાં ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો. આ મશીનથી ૮૦% થી વધુ પશુધનની માદા ઓલાદનું પ્રમાણ વધશે. ગુજરાતના ડેરી ઉદ્યોગ અને પશુપાલન ક્ષેત્ર માટે આ ઐતિહાસિક ક્ષણ બની રહેશે. આ આધુનિક ટેકનોલોજી પશુપાલકો માટે નવા વિકલ્પો ઉભા કરશે, દૂધ ઉત્પાદનમાં વધારો કરશે અને દેશના દુધ ઉદ્યોગને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈઓ પર પહોંચાડશે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં શરૂ થયેલ આ નવી ટેકનોલોજી દ્વારા પશુપાલન ક્ષેત્રે બનાસ ડેરી દેશભરમાં ઐતિહાસિક ક્રાંતિ લાવવા જઈ રહી છે.

ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીનાં નેતૃત્વમાં પશુસંવર્ધન થકી દૂધ ઉત્પાદનને નવી ઉંચાઈએ લઈ જવાના ઉદ્દેશ્ય સાથે મેક ઇન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એન.ડી.ડી.બી. દ્વારા તૈયાર કરાયેલા 'ગૌસોર્ટ ટેકનોલોજી' આધારિત સ્વદેશી સીમેન સેક્સ સોર્ટિંગ મશીનને બનાસ ડેરીના દામા સીમેન સ્ટેશન ખાતે કાર્યરત કરવામાં આવ્યું છે. હાલમાં સેક્સ સોર્ટેડના વાર્ષિક ૩૪ હજાર સિમેન ડોઝ બહારથી ખરીદ કરીને લાવવામાં આવે છે, જેનાથી ૧૦,૫૦૦ માદા બચ્ચા પેદા થાય છે. જયારે હવે, સીમેન સેક્સ સોર્ટીંગ મશીન દ્વારા દર વર્ષે ૩ લાખ સેક્સ-સોર્ટેડ ડોઝ તૈયાર થશે,જેમાંથી વાર્ષિક ૧ લાખ ૫ હજાર માદા બચ્ચા પેદા થશે. જેના કારણે ૫૦% નર પશુ પાછળ થતાં ખોરાક માટેના ખર્ચમાં બચત થશે અને વાર્ષિક ૩૦ હજાર જેટલા ખર્ચનો ઘટાડો થશે. આ ડોઝથી દૂધ ઉત્પાદકોના ઘરે ૮૦% માદા બચ્ચા પેદા થવાથી ભવિષ્યમાં તેઓ દૂધનું ડબલ ઉત્પાદન કરતા થશે, જેથી દૂધ ઉત્પાદકોની આવક બમણી થશે. બનાસ ડેરી દ્વારા લેવામાં આવેલ આ ઐતિહાસિક પગલું માત્ર દૂધ ઉત્પાદન વધારવા માટે જ નહીં, પણ દેશના પશુપાલકો માટે સુખદ ભવિષ્યની ગેરંટી છે.








મુખ્યમંત્રીશ્રીએ પોતાના સંબોધનમાં ખેડૂતોને વિક્સિત ભારતના નિર્માણ માટે મહત્વપૂર્ણ ગણાવ્યા અને જણાવ્યું કે રાજ્ય અને કેન્દ્ર સરકાર ખેડૂતોની પ્રગતિ માટે વિવિધ યોજનાઓ ચલાવી રહી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત મહારાષ્ટ્રમાં શરૂ થયેલી નવીન સીમેન કેન્દ્ર યોજના હવે ડીસાના દામા ગામમાં અમલમાં આવી છે, જે પશુપાલકો માટે ખૂબ જ લાભદાયી સાબિત થશે. દામા સ્થિત સિમેન સેન્ટર અને આ મશીન ગુજરાતના પશુપાલકો માટે આશીર્વાદ સાબિત થશે, કારણ કે હવે સારી વાછરડીઓ અને પાડીઓનો જન્મ થશે, દૂધનું ઉત્પાદન વધશે અને આર્થિક સમૃદ્ધિ મળશે. ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન હેઠળ અમલમાં આવેલ વિવિધ પશુપાલન યોજનાઓથી રાજ્યમાં દૂધ ઉત્પાદન 119.62 લાખ મેટ્રિક ટન સુધી વધ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠા ડેરીની અસાધારણ પ્રગતિ માટે શ્રી શંકરભાઈ ચૌધરીનાં નેતૃત્વની પ્રશંસા કરી અને જણાવ્યું કે ડેરીએ માત્ર દૂધ ઉત્પાદનમાં જ નહીં, પણ વિવિધ વેલ્યૂ-એડેડ ઉત્પાદનો દ્વારા દૂધ ઉદ્યોગમાં મહત્વપૂર્ણ પરિવર્તન લાવ્યું છે. ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના દ્રઢ નેતૃત્વ હેઠળ બનાસ ડેરી માત્ર દૂધ ઉત્પાદન જ નહીં, પણ નવી દૂધ આધારિત પ્રોડક્ટ્સ દ્વારા વિશ્વસ્તરે આગવી ઓળખ બનાવી રહી છે. બનાસ ડેરીએ નવા ઉત્પાદનો અને નવા વિચારોથી દૂધ ઉદ્યોગમાં એક નવી ક્રાંતિ લાવી છે. આજનો પશુપાલક માત્ર ઉદ્યોગસાહસિક જ નથી, તે તો વિકાસયાત્રાનો પથદર્શક છે. ખેડૂત અને પશુપાલક સમૃદ્ધ થશે, ત્યારે જ 'વિકસિત ભારત'નું સપનું સાકાર થશે. તેઓએ સ્વચ્છતા, વૃક્ષારોપણ અને જળ સંરક્ષણ અભિયાનની મહત્તા પર પણ ભાર મૂક્યો.

ચેરમેન શંકરભાઈ ચૌધરીએ કાર્યક્રમને સંબોધતા જણાવ્યું કે મેક ઈન ઈન્ડિયા અંતર્ગત ભારતનું પ્રથમ સેક્સ સીમેન સોર્ટિંગ મશીન બનાસ ડેરી દ્વારા શરૂ કરવામાં આવ્યું છે, જે ખેડૂતો અને પશુપાલકો માટે ખરેખર એક ક્રાંતિકારી પગલું છે. NDDB દ્વારા વિકસિત આ અદ્યતન સંયંત્ર પશુપાલકો માટે એક સોનેરી તક સમાન છે. માત્ર સો રૂપિયામાં સિમેન ડોઝ ઉપલબ્ધ થવાથી ખેડૂતોના ખર્ચમાં ઘટાડો થશે અને વધુ સારી ગુણવત્તાના પશુઓ જન્મ લેશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "વિકસિત ભારત" ના વિઝનને આગળ વધારવા, બનાસ ડેરીએ એમ્બ્રિયો ટ્રાન્સપ્લાન્ટ ટેક્નોલોજી અપનાવી ભારતીય નસલના ઉત્તમ પશુઓના વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. સારા પેઢીના પશુઓના સંવર્ધનથી દૂધની આવકમાં નોંધપાત્ર વધારો થશે, અને પશુપાલકોની આર્થિક સ્થિરતા વધશે.

આ કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, ધારાસભ્ય શ્રી સ્વરૂપજી ઠાકોર ધારાસભ્ય શ્રી અનીકેતભાઈ ઠાકર, ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ માળી અને ધારાસભ્ય શ્રી કેશાજી ઠાકોર વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યાં હતા તેમજ દામા ખાતે મોટી સંખ્યામાં જિલ્લાના પશુપાલકો, ખેડૂતો અને બનાસ ડેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.





# Game Changer Technology
# સેક્સ સીમેન સોર્ટિંગ મશીન

### સેક્સ સોર્ટેડ સીમેન ટેક્નોલોજીનો ઇતિહાસ

90ના દાયકામાં "સેક્સ સોર્ટેડ સીમેન ટેક્નોલોજી" અમેરિકાના કૃષિ વિભાગના વૈજ્ઞાનિકો દ્વારા લિવરમોર, કેલિફોર્નિયા, બેલ્ટ્સવિલ અને મેરીલેન્ડ ખાતે વિકસિત કરવામાં આવી હતી, અને તેને "Beltsville Sperm Sexing Technology" તરીકે પેટન્ટ કરવામાં આવી હતી. પરંતુ, સંયુક્ત રાજ્ય અમેરિકા (USA) માં સેક્સ સોર્ટેડ સીમેનનું વ્યાવસાયિક ઉત્પાદન 2001માં શરૂ થયું, જ્યારે Sexing Technologies નામની કંપનીને વ્યાવસાયિક રીતે સેક્સ સોર્ટેડ સીમેનના ઉત્પાદન માટે લાઇસન્સ આપવામાં આવ્યું. વર્તમાનમાં, Sexing Technologies વ્યાવસાયિક રીતે યુરોપ, અમેરિકા, કેનેડા, મેક્સિકો, બ્રાઝીલ, ચીન, જાપાન, અને ભારત સહિત અનેક દેશોમાં સેક્સ સોર્ટેડ સીમેનનું ઉત્પાદન થાય છે.




"સેક્સ સોર્ટેડ સીમેન ટેક્નોલોજી" ભારતમાં પશુ પ્રજનન ક્ષેત્રે એક Game Changer Technology સાબિત થઈ શકે છે. અનિચ્છનીય નર પશુઓ હંમેશા પશુપાલન વ્યવસાયમાં ખર્ચો વધારતા હોય છે, જે કારણે ખેડૂતો પશુપાલન છોડવા મજબુર થતાં હોય છે. અનિચ્છનીય નર પશુઓની સંખ્યા ઓછી થવાથી, વાંછિત માદા પશુઓ માટે કુદરતી સંસાધનો વધુ સારી રીતે ઉપલબ્ધ થશે, જેનાથી ઉત્પાદનમાં વધારો થશે અને અંતે, ખેડૂતોની આવક પણ વધશે.

### સેક્સ સોર્ટેડ સીમેન શું છે?

સામાન્ય રીતે વીર્યમાં X અને Y શુક્રાણુ લગભગ સમાન પ્રમાણમાં હોય છે. Y શુક્રાણુથી નર અને X શુક્રાણુથી માદા સંતાન થાય છે, જેના કારણે નર વાછરડું અથવા વાછરડી પેદા થવાની સંભાવના 50% રહે છે. સેક્સ સોર્ટેડ સીમેન ટેક્નોલોજીની પ્રયોગશાળામાં Y શુક્રાણુને વીર્યમાંથી દૂર કરી દેવામાં આવે છે, જેના કારણે વાછરડી થવાની સંભાવના 90% કરતાં વધુ થઈ જાય છે. આવા પ્રકારના વીર્યને "લિંગ વર્ગીકૃત વીર્ય" અથવા "સેક્સ સોર્ટેડ સીમેન" કહેવાય છે. સામાન્ય રીતે, ગાયોમાં સામાન્ય સીમેનથી કૃત્રિમ ગર્ભાધાન કરવામાં આવે ત્યારે, માદા વાછરડી થવાની સંભાવના 50% હોય છે. પરંતુ સેક્સ સોર્ટેડ સીમેનના ઉપયોગથી વાછરડી થવાની સંભાવના 90% કરતાં વધુ થઈ જાય છે. આ રીતે, સેક્સ સોર્ટેડ સીમેનના ઉપયોગથી માત્ર વાછરડાઓની સંખ્યા નિયંત્રિત જ નહીં થાય, પણ વધુ વાછરડીઓ થવાથી ખેડૂતોની આવકમાં પણ વધારો થશે.



### ભારતમાં સેક્સ સોર્ટેડ સીમેન ટેક્નોલોજી

કેન્દ્ર સરકારે "રાષ્ટ્રીય ગોકુલ મિશન" અંતર્ગત "સેક્સ સોર્ટેડ સીમેન પ્રયોગશાળા" માટે ઉત્તરાખંડ રાજ્યના પ્રસ્તાવને મંજૂરી આપી. આ રીતે, ઉત્તરાખંડ દેશનું પહેલું રાજ્ય બન્યું, જ્યાં સેક્સ સોર્ટેડ સીમેનના ઉત્પાદન માટે અમેરિકાની ફર્મ સાથે કરાર કરાયો છે. ઉત્તરાખંડના ઋષિકેશ ખાતે સ્થપાયેલી "સેક્સ સોર્ટેડ સીમેન પ્રયોગશાળા" માં એપ્રિલ 2019થી સેક્સ સોર્ટેડ સીમેનનું ઉત્પાદન શરૂ થયું છે.

શરુઆતમાં, આ પ્રયોગશાળામાં માત્ર દેશી જાતિના પશુઓ માટે સેક્સ સોર્ટેડ સીમેનનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે, પરંતુ ટૂંક સમયમાં હોલસ્ટીન, જર્સી અને ક્રોસબ્રિડ જાતિના પશુઓ માટે પણ સેક્સ સોર્ટેડ સીમેનનું ઉત્પાદન શરૂ થશે. અત્યારે, પુના, મહારાષ્ટ્રની ABS India કંપની પણ "SEXCEL" બ્રાન્ડ હેઠળ હોલસ્ટીન, જર્સી, સાહીવાલ, ગીર, રેડ સિંધી, ક્રોસબ્રિડ, તેમજ મુર્રા અને મહેસાણી ભેંસો માટે વ્યાવસાયિક રીતે સેક્સ સોર્ટેડ સીમેનનું ઉત્પાદન કરી રહી છે.

### શું સેક્સ સોર્ટેડ સીમેન સુરક્ષિત છે?

હા, ગાયો માટે કૃત્રિમ ગર્ભાધાનમાં સેક્સ સોર્ટેડ સીમેનનો ઉપયોગ સંપૂર્ણપણે સુરક્ષિત છે. તે ઉપરાંત પ્રયોગશાળામાં શુક્રાણુ છટણીની પ્રક્રિયા કરીને માદા પશુ પેદા કરવામાં આવે છે. ટુંકમાં કહીએ તો સેક્સ સોર્ટેડ સીમેનના ઉપયોગથી માદા પશુઓની સંખ્યા વધારી, ડેરી ઉદ્યોગને નવી સફળતા અને ઊંચાઈઓ સુધી પહોંચાડી શકાય છે.

### સેક્સ સોર્ટેડ સીમેન ઉપયોગ કરવાના ફાયદા

પશુઓમાં સેક્સ સીમેન સોર્ટિંગ મશીન (Sexed Semen Sorting Machine) નો ઉપયોગ સેક્સ સોર્ટિંગ મશીન દ્વારા માત્ર માદા પશુ થવાની સંભાવના વધે છે, જેના કારણે ડેરી ફાર્મિંગમાં અનેક ફાયદા થાય છે, જેમ કે દૂધ ઉત્પાદનમાં વધારો અને નર પશુ પરના ખર્ચમાં ઘટાડો.

**મુખ્ય ફાયદા:**

01

**માદા પશુઓની સંખ્યામાં વધારો:**
આ ટેક્નોલોજી દ્વારા માત્ર માદા પશુઓનો જન્મ થાય છે, જેનાથી ડેરી ફાર્મમાં માદા પશુઓની સંખ્યા વધે છે.

02

**દૂધ ઉત્પાદનમાં વધારો:**
વધુ માદા પશુઓ હોવાથી ડેરી ફાર્મિંગમાં દૂધનું ઉત્પાદન વધે છે.

03

**નર પશુઓ પર ખર્ચમાં ઘટાડો:**
નર પશુઓને ઉછેરવા અને વેચવા પર થતો ખર્ચ ઘટે છે, કારણ કે માત્ર માદા પશુઓ જન્મે છે.

04

**માદા પશુઓ વેચીને નફો:**
માદા પશુઓની માંગ વધુ હોય છે, જેના કારણે ખેડૂતો તેમને વેચીને સારો નફો મેળવી શકે છે.

05

**ઉચ્ચ ગુણવત્તાવાળા પશુઓનું ઉત્પાદન:**
ઉચ્ચ ગુણવત્તાવાળા સીમેનના ઉપયોગથી વધુ દૂધ આપતા પશુઓનું ઉત્પાદન કરી શકાય છે.

06

**રખડતા પશુઓની સમસ્યાનું સમાધાન:**
આ ટેક્નોલોજીથી નર બછડાઓની સંખ્યા ઓછી થાય છે, જેના કારણે રખડતા પશુઓની સમસ્યા ઓછી થાય છે.

07

**જાતિ સંવર્ધન (Breed Improvement):**
આ ટેક્નોલોજીથી પશુઓની જાતમાં સુધારો થાય છે, જેનાથી વધુ દૂધ આપતા ઉત્તમ જાતિના પશુઓ પેદા થાય છે.

08

**ડેરી ઉદ્યોગમાં વૃદ્ધિ:**
આ ટેક્નોલોજી ડેરી ઉદ્યોગને વધુ મજબૂત અને લાભદાયી બનાવે છે, જેથી પશુપાલકોને વધુ આર્થિક ફાયદો થાય છે.

09

**આનુવંશિક સુધારો (Genetic Improvement):**
આ ટેક્નોલોજીથી પશુઓમાં ઝડપી આનુવંશીક સુધારો થાય છે, જેના કારણે વધુ આરોગ્યવંત અને ઉત્પાદક પશુઓ પેદા થાય છે.



# ખેતી માટે શ્રેષ્ઠ કુદરતી તાકાત: બ્રાઉન અમૃત (સ્લરી)



જમીનની ફળદ્રુપતા વધારવી, પાકનું ઉત્પાદન વધારવું અને ટકાઉ ખેતી અપનાવવી હોય, તો બ્રાઉન અમૃત એ શ્રેષ્ઠ પસંદગી છે! બાયોગેસ પ્લાન્ટમાંથી મળતું આ 100% કુદરતી જૈવિક ખાતર જમીન માટે આશીર્વાદરૂપ છે. બનાસ ડેરીની બ્રાઉન અમૃત (સ્લરી) કાર્બનથી સમૃદ્ધ છે, જે જમીનમાં માઇક્રોબાયલ પ્રવૃત્તિ વધારી પોષક તત્વોની ઉપલબ્ધતા વધારવામાં મદદ કરે છે. સાથે જ, માટીની ભેજ સંગ્રહ ક્ષમતા વધારે છે, જેથી ઓછા પાણીમાં પણ સારો પાક મેળવી શકાય.આ ખાતર નિંદામણમુક્ત અને શુદ્ધ હોય છે, જે છાણીયા ખાતર કરતાં વધુ ગોળાઈવાળું અને પોષક તત્વોથી ભરપૂર છે. માટીમાં મુખ્ય તથા ગૌણ પોષક તત્વો વધુ ઉપલબ્ધ થાય છે, જે પાકના વિકાસ માટે જરૂરી છે. આ સાથે, સૂક્ષ્મજીવાણુઓ માટે અનુકૂળ વાતાવરણ ઉભું થાય છે, જેના કારણે જમીનની કુદરતી તાકાત સતત વધતી જાય છે.

**કિંમત અને માત્રા વિશે જાણકારી**
**કિંમત: ₹0.35 / લિટર (ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અલગ)**
**ઉપયોગ: 23,000 લિટર/એકર (બે ટેંકર: 5000 લિટર + 18,000 લિટર) પૂરતા થાય છે.**

## હવે તમે પણ ટકાઉ અને વધુ ઉત્પાદનવાળી ખેતી તરફ આગળ વધો!

ઓર્ડર માટે આજે જ સંપર્ક કરો: **+91 89806 83875**

હોળી, એ રંગોનો તહેવાર છે. આપણે સૌ એકબીજાને અલગ અલગ રંગો લગાવીને રંગીએ છીએ. પરંતુ બનાસ ડેરીએ તો ૯ લાખથી વધુ પશુપાલક પરિવારોને આર્થિક, સામાજિક અને વ્યક્તિગત સમૃદ્ધિના રંગે રંગ્યા છે. ગુજરાત સહીત દેશના અન્ય રાજ્યોના પશુપાલકો માટે બનાસ ડેરી સમૃદ્ધિનો સ્ત્રોત બની છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, બનાસ ડેરીએ લાખો પશુપાલક પરિવારોને આર્થિક સ્વાવલંબન અને સમૃદ્ધિના રંગે રંગી દીધા છે.

## પશુપાલન
## એક પરંપરાગત વ્યવસાયમાંથી આર્થિક મજબૂતી તરફ

એક સમય હતો જ્યારે પશુપાલન માત્ર ગરીબી દૂર કરવાનો એક ઉપાય ગણાતો, પરંતુ શ્રી શંકરભાઈ ચૌધરીના દૃઢ નેતૃત્વ હેઠળ બનાસ ડેરીએ પશુપાલનને એક પ્રગતિશીલ ઉદ્યોગમાં ફેરવી દીધો. બનાસ ડેરીને ગુજરાતમાં પશુપાલકોને માત્ર સહાય અને ટેકો જ નહીં, પણ ટેક્નોલોજી અને આધુનિક પદ્ધતિઓ દ્વારા નવા શિખર સુધી પહોંચાડવામાં સફળતા મળી છે.

> “
> **ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ પશુપાલકોના જીવનમાં ભર્યા આર્થિક સમૃદ્ધિના રંગ**
> ”

### બનાસ ડેરીના સહકારથી પશુપાલકો માટે નવી તકો

બનાસ ડેરી દ્વારા સૂક્ષ્મ નીતિગત આયોજન અને વિવિધ સહાય યોજનાઓ દ્વારા પશુપાલકો માટે એક મજબૂત આધારરેખા ઉભી કરવામાં આવી છે. ડેરી દ્વારા મફત પશુ આરોગ્ય શિબિરો, કૃત્રિમ ગર્ભાધાન સુવિધાઓ, દૂધ દોહન મશીનો, પશુઓ માટે ઉચ્ચ ગુણવત્તાના ચારાની વ્યવસ્થા અને આધુનિક દૂધ સંકલન કેન્દ્રો જેવી સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે.

આજના સમયમાં, બનાસ ડેરીના સહકારથી હજારો પશુપાલકો રોજગારી મેળવી રહ્યા છે. પશુપાલકો માટે ટેકનોલોજી, જૈવિક ખાતર અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવી આધુનિક ખેતી સાથે પશુપાલનનું સંકલન કરવામાં આવ્યું છે. આજે પશુપાલકો માત્ર સ્થાનિક બજારમાં જ નહીં, પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પોતાની પેદાશો વેચી રહ્યા છે.





### ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી: નેતૃત્વ જે સમૃદ્ધિના નેશનલ મોડેલ સુધી પહોંચ્યું

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ બનાસ ડેરીએ અનેક માઈલસ્ટોન્સ હાંસલ કર્યા છે. બનાસ ડેરીએ આધુનિક સમયમાં નીતિ, નિયત અને જ્ઞાનનો સમન્વય કરીને દૂધ અને દૂધ ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચાડ્યું છે. જેથી, બનાસ ડેરીએ દેશની સૌથી મોટી સહકારી દૂધ ઉત્પાદક કંપની તરીકે નામના મેળવી છે.

તે ઉપરાંત પશુપાલકો માટે અલગ-અલગ યોજનાઓ, પશુઓ માટે આરોગ્યની સારસંભાળ અને પશુપાલન વ્યવસાય માટે સહાય જેવી સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવી છે. આ તમામ પ્રયાસો દ્વારા લાખો પશુપાલક પરિવાર હવે આત્મનિર્ભર બન્યા છે અને આર્થિક સમૃદ્ધિ હાંસલ કરી રહ્યા છે.

### બનાસ ડેરી: આર્થિક સમૃદ્ધિના રંગે રંગાયેલી એક નવજીવન યાત્રા

હોળી આપણા જીવનમાં નવી આશાઓ અને નવી ઉર્જા સાથે ઉજવાતો તહેવાર છે. તે જ રીતે બનાસ ડેરી અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ, પશુપાલકો માટે એક નવી ઉમંગ અને સમૃદ્ધિની નવી ક્ષિતિજો ઊગતી જોવા મળી છે. એક સમયના ગુમનામ પશુપાલકો આજે ગુજરાતના આર્થિક વિકાસના પાયાનો ભાગ બની ગયા છે.
આજ વર્ષની આર્થિક સમૃદ્ધિપૂર્ણ હોળી એ બનાસ ડેરીની સફળતાની ઉજવણી છે, જ્યાં પશુપાલકોના મહેનત અને ડેરીના સહયોગથી એક ઉજ્જવળ ભવિષ્ય સર્જાયું છે.

### બનાસ ડેરી દ્વારા મહિલા સશક્તિકરણ અને નવા પ્રયોગો

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ બનાસ ડેરીએ મહિલાઓ માટે ખાસ પ્રોત્સાહન યોજનાઓ શરૂ કરી છે. મહિલા પશુપાલકો માટે ખાસ સબસિડી, તાલીમ અને સહાય યોજના રજૂ કરીને, તેમના માટે આર્થિક સ્વાવલંબનની નવી તકો સર્જી છે. આ વર્ષની હોળીમાં, બનાસ ડેરીએ હજારો મહિલાઓના સપનાઓને સાકાર કર્યા છે તેમજ  વધુ પ્રોડક્ટિવ દુધ ઉત્પાદકતાને સુનિશ્ચિત કરવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓ, અને જૈવિક ખેતી સાથે પશુપાલનની સમજૂતી દ્વારા ડેરી ઉદ્યોગને વધુ સમૃદ્ધ બનાવવામાં આવ્યો છે.





# વિશ્વ વન્યજીવ દિવસના અવસરે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વન્યજીવનાં સંરક્ષણ માટે કર્યો સંકલ્પ

**પૃથ્વીની જૈવ વૈવિધ્યતાનું સંરક્ષણ કરવું આપણી સૌની જવાબદારી છે. વન્યજીવ અને તેમનું પ્રાકૃતિક વસવાટ પર્યાવરણનો મહત્વપૂર્ણ હિસ્સો છે. ચાલો, વિશ્વ વન્યજીવ દિવસના અવસરે, આવો, મળીને તેમના સંરક્ષણ માટે સંકલ્પ કરીએ! : ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**

દર વર્ષે 3 માર્ચે વિશ્વ વન્યજીવ દિવસ ઉજવવામાં આવે છે, જેનો ઉદ્દેશ્ય જૈવ વૈવિધ્યતાના મહત્વ અને વન્યજીવોના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાનો છે. આ દિવસ સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા (UNO) દ્વારા 2013 માં સ્થાપિત કરવામાં આવ્યો હતો, જેનાથી લોકોમાં વન્યજીવો અને પર્યાવરણની સંભાળ અંગેની સમજ વૃદ્ધિ પામે.

ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરી પ્રકૃતિપ્રેમી વ્યક્તિત્વ ધરાવે છે. તેઓશ્રીનાં મંતવ્યો પ્રમાણે વન્યજીવ માત્ર જંગલોમાં વસતા પ્રાણીઓ અને છોડ પૂરતા મર્યાદિત નથી, પણ તે સમગ્ર પૃથ્વી પરના પર્યાવરણીય તંત્રનો એક મહત્વપૂર્ણ ભાગ છે. પ્રકૃતિમાં દરેક જીવસૃષ્ટિ એકબીજા સાથે જોડાયેલી છે, અને એકનાં વિનાશથી બીજાની જીવંતતા પર અસર થાય છે. ઉદાહરણ તરીકે, વાઘ, સિંહ, હાથી, હરણ અને પક્ષીઓનો પ્રાકૃતિક તંત્ર પર પ્રભાવ રહે છે. જો આપણે આ પ્રાણીઓનું સંરક્ષણ નહીં કરીએ, તો પર્યાવરણમાં અસંતુલન ઊભું થઈ શકે છે, જે માનવજાત માટે પણ હાનિકારક સાબિત થઈ શકે છે.

## જૈવ વૈવિધ્યતા અને તેનું મહત્વ

જૈવ વૈવિધ્યતા એટલે કે જીવસૃષ્ટિનું વૈવિધ્ય ધરાવતું તંત્ર ધરતી પર જીવંત પ્રાણીઓ, છોડ, સૂક્ષ્મજીવો અને પર્યાવરણની વિવિધતા માટે જવાબદાર છે. તે માત્ર એક વૈજ્ઞાનિક સંકલ્પના નથી, પરંતુ જીવનયાપનની એક આવશ્યકતા છે. વનસ્પતિઓ અને પ્રાણીઓ હવામાનનું સમતોલન જાળવી રાખવામાં મદદ કરે છે, જળચક્રને નિયંત્રિત કરે છે અને મનુષ્ય માટે ઓક્સિજન અને ખોરાક પૂરો પાડે છે. જો આપણે જૈવ વૈવિધ્યતા ન જાળવી શકીએ, તો ભવિષ્યમાં ભયાનક પર્યાવરણીય સંકટોનો સામનો કરવો પડી શકે.



## વિકાસ અને વન્યજીવ સંરક્ષણ વચ્ચેનું સંતુલન

આજના યુગમાં માનવ વિકાસ ઝડપથી આગળ વધી રહ્યો છે. ઉદ્યોગો, શહેરીકરણ અને ખેતી માટે જંગલો કપાઈ રહ્યા છે, જે વન્યજીવ માટે ગંભીર ખતરો ઉભો કરી શકે છે. મજબૂત પર્યાવરણ નીતિઓ અને જાગૃતિ દ્વારા જ આ સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય. સરકારો અને પર્યાવરણ સંસ્થાઓ સાથે મળીને લોકો પણ એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે.

## વિશ્વ વન્યજીવ દિન: સંરક્ષણ માટે સંકલ્પ

વિશ્વ વન્યજીવ દિન પર શ્રી શંકરભાઈએ આપેલા સંદેશા પ્રમાણે, “પૃથ્વીની જૈવ વૈવિધ્યતાનું સંરક્ષણ કરવું આપણી સૌની જવાબદારી છે.” વન્યજીવ અને તેમનું પ્રાકૃતિક વસવાટ એ આપણા પર્યાવરણનો એક અનિવાર્ય હિસ્સો છે. જો આપણે આપણા ભવિષ્ય માટે સુરક્ષિત અને સારી જીવન શૈલી ઇચ્છીએ, તો વન્યજીવોની રક્ષા માટે પ્રયત્નશીલ થવું પડશે.



## દૈનિક જીવનમાં આપણે શું કરી શકીએ?

- વન્યજીવો માટે જાગૃતતા ફેલાવવી: બાળકો અને યુવાનોને વન્યજીવ અને પર્યાવરણ અંગે શીખવવું.
- પ્લાસ્ટિક અને પ્રદૂષણ ઘટાડવું: પ્લાસ્ટિક અને કચરાને યોગ્ય રીતે નિકાળીને પર્યાવરણની સુરક્ષા કરવી.
- વનસ્પતિઓનું સંરક્ષણ: વધુ વૃક્ષારોપણ અને જંગલોનું જતન.
- અવિધાયક શિકાર અને વ્યાપાર સામે અવાજ ઉઠાવવો: શિકાર, પશુઓના અંગોની હેરફેર અને વન્યજીવોના અયોગ્ય ઉપયોગને રોકવો.

વન્યજીવો કેવળ પર્યાવરણનો ભાગ નથી, પણ તે માનવજીવન માટે પણ મહત્વપૂર્ણ છે. જો આપણે તેમને બચાવી શકીએ, તો માત્ર પ્રકૃતિ જ નહીં, પણ સમગ્ર માનવજાત માટે ઉન્નતિશીલ ભવિષ્ય નિર્માણ કરી શકીશું. વિશ્વ વન્યજીવ દિવસ એ માત્ર એક દિવસ માટે જ નહીં, પરંતુ જીવનભરનું એક સંકલ્પ બની રહેવું જોઈએ. ચાલો, સંકલ્પ કરીએ કે આપણે પ્રકૃતિ અને વન્યજીવોની રક્ષા કરી, ભવિષ્યને સુરક્ષિત બનાવીશું!

# બનાસ સંકુલ સણાદર ખાતે આયોજિત બ્લડ કેમ્પમાં બનાસ ડેરીના કર્મચારીઓએ માનવતાભાવથી કર્યું રક્તદાન



ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બ્લડ સેન્ટર, જનરલ હોસ્પિટલ પાલનપુર અને બનાસ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા બનાસ સંકુલ સણાદર ખાતે વિશાળ બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પમાં બનાસ ડેરીના કર્મચારીઓએ ઊંડા માનવતાભાવ સાથે ભાગ લઈ રક્તદાન કર્યું. કુલ ૭૦ બ્લડ બોટલનું દાન કરવામાં આવ્યું, જે અનેક દર્દીઓ માટે જીવનદાન સમાન સાબિત થશે.

### બનાસ ડેરીના કર્મચારીઓની સેવાભાવી પ્રવૃત્તિ

આ બ્લડ કેમ્પમાં બનાસ ડેરીના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને સ્વેચ્છાએ રક્તદાન કર્યું. કુલ ૭૦ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવી, જેનાથી જરૂરિયાતમંદ દર્દીઓ માટે સમયસર રક્ત ઉપલબ્ધ થઈ શકે. બનાસ ડેરીના કર્મચારીઓ માત્ર તેમના વ્યવસાય અને નોકરી માટે જ નહીં, પણ સમાજ માટે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. તેઓ સમાજના હિત માટે પોતાનું યોગદાન આપે છે, જે સ્વસ્થ સમાજ રચવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. બ્લડ કેમ્પનું આયોજન જનસામાન્ય અને ખાસ કરીને દર્દીઓને તાત્કાલિક અને જરૂરી સમયગાળે રક્ત ઉપલબ્ધ કરાવવા માટે કરવામાં આવે છે. રક્તદાન એક મહાન કાર્ય છે, જેનાથી દર્દીઓ માટે જીવ બચાવવાનું મહાન સાધન ઉપલબ્ધ થાય છે. જનરલ હોસ્પિટલ પાલનપુર અને બનાસ મેડિકલ કોલેજ જેવી સંસ્થાઓ સાથે મળીને આ મેડીકલ કેમ્પ, આરોગ્ય લગતી સારવાર અને લોહીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે.

### રક્તદાનના ફાયદા અને સામાજિક સંદેશ

રક્તદાન માત્ર જરૂરિયાતમંદ દર્દીઓને જ નહીં, પરંતુ રક્તદાન કરનાર વ્યક્તિના આરોગ્ય માટે પણ લાભદાયી છે. નિયમિત રક્તદાનથી નવું રક્ત ઉત્પાદન વધે છે, હૃદયરોગ અને લોહી સંબંધિત બીમારીઓના જોખમ ઓછા થાય છે, અને મનુષ્ય વધુ તંદુરસ્ત રહે છે.

આ કેમ્પ દ્વારા એક મહત્વપૂર્ણ સામાજિક સંદેશ ફેલાયો કે "રક્તદાન મહાદાન" છે. સમાજમાં વધુ લોકો બ્લડ ડોનેટ કરવા માટે પ્રોત્સાહિત થાય, તે જરૂરી છે. ઘણી વખત અકસ્માતો, સર્જરી, થેલેસેમિયા, કેન્સર અને અન્ય ગંભીર બીમારીઓ માટે લોહીની તાત્કાલિક જરૂરિયાત હોય છે, અને આવી સ્થિતિમાં આવા કેમ્પ દ્વારા એકત્ર થતું રક્ત અસંખ્ય જીંદગીઓ બચાવી શકે છે.

આ આયોજન દ્વારા બનાસ ડેરી, પાલનપુર જનરલ હોસ્પિટલ અને બનાસ મેડિકલ કોલેજે આરોગ્યલક્ષી સેવાઓ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પાયો વધુ મજબૂત કર્યો છે. આવી સેવા અને દાન પ્રવૃત્તિઓ સમાજ માટે આશાનું પ્રતિક છે. રક્તદાન મહાદાન છે અને આવા કેમ્પો દ્વારા, લોકોમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના વધે છે, જે આખા સમાજ માટે લાભદાયી છે.





# જ્યાં નારીનું સન્માન થાય, ત્યાં દેવતાઓનો વાસ હોય છે: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ એ માત્ર એક ઉજવણી નથી; તે સ્ત્રીઓના પરિશ્રમ, સંકલ્પ અને સફળતાના મહોત્સવની સાક્ષી છે. બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આ દિવસે મહિલા શક્તિ પ્રત્યે પોતાની ભાવના વ્યક્ત કરી અને જણાવ્યું કે, "મહિલા" માત્ર એક શબ્દ નથી, તે શક્તિ, સમર્પણ અને અસાધારણ પ્રેરણાનો અહેસાસ છે. બનાસ ડેરી પરિવાર તમામ મહિલા પશુપાલકોને સલામ કરે છે, જેમની મહેનત અને સંકલ્પ સમાજ અને દેશના વિકાસમાં અનમોલ યોગદાન આપે છે.

મહિલા દિન નિમિતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ મહિલા પશુપાલકોને સંબોધતા જણાવ્યું હતું કે “મહિલા દિન એ સ્ત્રીઓના માન, સન્માન અને શૌર્ય ને નમન કરવાનો દિવસ. એક સત્ય એ છે કે, જ્યાં નારીનું સન્માન થાય, ત્યાં દેવતાઓનો વાસ હોય છે. આપણી સંસ્કૃતિમાં સ્ત્રીને પુરુષ કરતાં પહેલા માન આપવામાં આવ્યું છે. રામ ભગવાનનુ નામ લેતા પહેલા સીતા માતાનો ઉલ્લેખ થાય—"સીતા-રામ". કૃષ્ણ ભગવાનનું નામ લેવું હોય તો પહેલા રાધાનું નામ લેવાય—"રાધે-કૃષ્ણ". મહાદેવનું ગૌરવ ગાવું હોય, તો પાર્વતી માતા વગર અધૂરુ—"પાર્વતી-મહાદેવ". આ દર્શાવે છે કે સ્ત્રી માત્ર સહભાગી નહિ, પણ શક્તિનો સ્તંભ છે. નારી મમતા છે, નારી શૌર્ય છે, નારી સહાનુભૂતિ છે, અને નારી જ સર્જનહાર છે. સંતાનની પ્રથમ ગુરૂ માતા છે. જે સમાજ સ્ત્રીનું સન્માન કરે છે, એ કદાપિ પછાત નથી રહેતો. તો, આ મહિલા દિન, આપણે દરેક નારીને એના યોગદાન માટે નમન કરીએ. કેમ કે જ્યાં નારીની પૂજા થાય, ત્યાં ઈશ્વરનો નિવાસ છે.”

### મહિલા શક્તિ: એક નવા યુગની શરૂઆત

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે, બનાસ મેડિકલ કોલેજ, મોરિયા ખાતે એક ભવ્ય કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે, ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે 12 દુધાળા પશુ સહાય યોજના હેઠળ વર્ષ 2023-24 ના 480 લાભાર્થીઓને કુલ 9.10 કરોડ રૂપિયાની સહાય વિતરણ કરવામાં આવી હતી. આ યોજનાનો મુખ્ય હેતુ પશુપાલક બહેનોને આર્થિક સ્વાવલંબન તરફ દોરી જવાનો અને દૂધ ઉત્પાદન વધારવાનો છે.

### મહિલાઓ દ્વારા નવા વિકાસ પથનું નિર્માણ

બનાસ ડેરી અને રાજ્ય સરકાર સાથે મળીને મહિલાઓ માટે અનન્ય સહાય યોજનાઓ લાવી છે, જે પશુપાલન ક્ષેત્રે એમના પ્રભુત્વ અને ભાગીદારીને વધુ મજબૂત બનાવે છે. પશુપાલન હવે માત્ર એક વ્યવસાય નથી; તે મહિલાઓ માટે આત્મનિર્ભરતા અને ગૌરવનું પ્રતિક બની ગયું છે. આજની દિનચર્યામાં, શિક્ષણથી વંચિત મહિલાઓ પણ પશુપાલન દ્વારા નવું ભવિષ્ય ઘડી રહી છે. ગરીબી અને આર્થિક સંકટ સામે ઝઝૂમીને, તેઓ પશુપાલનનો વ્યવસાય કરીને સાબિત કરી રહી છે કે મહેનત અને દૃઢ સંકલ્પ દ્વારા જીવનને બદલવું શક્ય છે.



## બનાસ ડેરીની સાચી તાકાત: મહિલા પશુપાલકો

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ તેમના ઉદ્‌બોધનમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે, "બનાસ ડેરીની સૌથી મોટી તાકાત એની મહિલા પશુપાલકો છે." તેમના અથાગ પ્રયત્નોથી આજે બનાસ ડેરીની ઓળખ માત્ર બનાસકાંઠા સુધી મર્યાદિત નથી, તે દેશના અન્ય રાજ્યોમાં પણ પ્રસરાઈ છે. મહિલા પશુપાલકો દ્વારા ઊભી કરાયેલી આ ઉદ્યોગ સિદ્ધિ, આજના યુવા માટે એક પ્રેરણાનું સ્ત્રોત બની છે. અનેક બહેનો મહિને લાખોની આવક મેળવી રહી છે અને તેમના પરિવાર માટે શક્તિશાળી આધાર બની છે.

## શ્વેતક્રાંતિમાં મહિલા પશુપાલકોનું અમૂલ્ય યોગદાન

ભારતમાં શ્વેતક્રાંતિની સફળતા પાછળ એક મજબૂત હાથ છે—સ્ત્રીઓનો. ગાય-ભેંસનું પાલન, જે ક્યારેક એક સાંસ્કૃતિક પરંપરા હતી, આજે તે એક વ્યાપક ઉદ્યોગમાં ફેરવાયું છે. મહિલાઓએ પોતાના ઘરોમાંથી બહાર નીકળી, આત્મનિર્ભર બનવા માટે આ ઉદ્યોગને અપનાવ્યો છે. તેઓ આજે માત્ર પોતાના પરિવારોનું ભવિષ્ય નહીં, પરંતુ સમગ્ર દેશના અર્થતંત્રનો આકાર ઘડી રહી છે.

## બનાસ ડેરી દ્વારા મહિલાઓ માટે વિશેષ પગલાં

**12 દુધાળા પશુ સહાય યોજના:** આ યોજના દ્વારા મહિલાઓને આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે, જેથી તેઓ પશુપાલનનો વ્યવસાય શરૂ કરી શકે, વધુ દૂધ ઉત્પાદન કરી શકે અને નિર્ભર બની શકે.

**પ્રશિક્ષણ અને વિકાસ:** બનાસ ડેરી દ્વારા વિશેષ તાલીમ કાર્યક્રમો અને વર્કશોપનું આયોજન કરવામાં આવે છે, જેથી મહિલાઓ પશુપાલનના આધુનિક પદ્ધતિઓ શીખી શકે.

**એવોર્ડથી સન્માનિત:** મહિલા દૂધ ઉત્પાદનમાં સૌથી વધુ અસરકાર કામગીરી કરીને સૌથી વધુ દૂધ ભારાવનાર મહિલાઓ પશુપાલકોને બનાસ લક્ષ્મી અને શ્રેષ્ઠ બનાસ લક્ષ્મી એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે, જેથી દૂધ ઉત્પાદન કરવામાં તેઓને પ્રોત્સાહન મળે.





## મહિલાઓએ સાબિત કર્યું કે તેઓ કોઈથી ઓછા નથી!

આજે જો આપણે પશુપાલન ક્ષેત્રમાં નજર કરીએ, તો સ્પષ્ટ થાય છે કે મહિલાઓએ માત્ર પોતાને જ નહીં, પરંતુ સમાજ અને દેશને નવી દિશા આપી છે. તેમના પરિશ્રમ અને દૃઢ સંકલ્પને કારણે, આજે અનેક યુવાનો પણ પશુપાલન તરફ વળતા જોવા મળે છે. જે કાર્ય માટે ક્યારેય માત્ર પુરુષોને યોગ્ય માનવામાં આવતુ હતું, તે કાર્ય મહિલાઓ વધુ ઉત્તમ રીતે કરી રહી છે. તેઓ પુરુષોને પણ પાછળ ધકેલી, આ ઉદ્યોગમાં પોતાનું સ્થાન બનાવી રહી છે.

## નારીશક્તિને શત્ શત્ નમન!

આ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર, ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું, "હું આજે લાખો મહિલા પશુપાલકોને સલામ કરું છું. તેમના ત્યાગ, સમર્પણ અને મહેનતથી ભારતીય દુધ ઉદ્યોગ એક નવી ઊંચાઈ પર પહોંચ્યો છે. તેમની સક્રિય ભાગીદારી અને નેતૃત્વના કારણે, આજે દેશભરમાં બનાસ ડેરી એક મજબૂત ઉદ્યોગ તરીકે ઉભરી આવી છે."

આજની મહિલા માત્ર એક ગૃહિણી નથી; તે એક ઉદ્યોગસાધિકા છે, એક શક્તિ છે, અને એક નવનિર્માતા છે. બનાસ ડેરીની સશક્ત, સક્ષમ અને સમૃદ્ધ મહિલા પશુપાલકોને શત્ શત્ નમન! તેઓ માત્ર પોતાનું ભવિષ્ય જ નહીં, પણ સમગ્ર સમાજનું ભવિષ્ય ઘડી રહી છે. આ એક નવી શ્વેતક્રાંતિ છે, જે મહિલા શક્તિથી સંચાલિત છે – અને ભવિષ્યમાં, આ ક્રાંતિનો પ્રભાવ વધુ વિશાળ બનતો રહેશે!



# મક્કમ ઇરાદા અને મહેનતથી બનાસ ડેરીની મહિલા પશુપાલકોએ રચ્યો પ્રગતિનો માર્ગ

બનાસ ડેરી સાથે જોડાયેલા પાંચથી છ લાખ પશુપાલક પરિવારો એ સાબિત કર્યું છે કે જો મનમાં કોઠાસૂઝ અને અડગ નિશ્ચય હોય, તો કોઈ પણ મુશ્કેલ કામને સરળતાથી પાર લાવી શકાય. છેલ્લા દસ વર્ષમાં બનાસ ડેરીએ જે વિકાસયાત્રા કરી છે, તે માત્ર સફળતાની નહીં, પણ એક પ્રેરણાત્મક ક્રાંતિની કહાણી છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની આગવી દૃષ્ટિ અને નિષ્ઠાપૂર્ણ નેતૃત્વ હેઠળ, બનાસ ડેરીએ 'સ્વ'ને પાછળ મૂકી સમાજના હિતને પ્રાધાન્ય આપ્યું છે અને એક નાના ઉદ્યોગમાંથી ભવ્ય વટવૃક્ષનું રૂપ ધારણ કર્યું છે.

આ ઉન્નતિમાં મહિલાઓ પશુપાલકોએ પોતાના અથાગ શ્રમ અને બુદ્ધિચાતુર્યથી મહત્વનો ફાળો આપ્યો છે. બનાસકાંઠાની મહિલાઓ ભલે ઓછી શૈક્ષણિક પાત્રતા ધરાવતી હોય, પરંતુ તેમના પુરુષાર્થ, મજબુત સંકલ્પ અને નિષ્ઠાને કારણે આજે બનાસ ડેરી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી શકી છે. મહિલાઓએ સાબિત કરી દીધું છે કે જો મક્કમ ઇરાદો હોય, તો પશુપાલન જ નહીં, જીવનના દરેક ક્ષેત્રમાં ઊંચા શિખર સર કરી શકાય. આ મહિલા પશુપાલકો માત્ર પોતાના કુટુંબ અને બાળકો માટે ઉચ્ચ શિક્ષણ અને સારું ભવિષ્ય જ નિર્માણ કરી રહી નથી, પરંતુ દેશને પણ નારીશક્તિના અનોખા પ્રભાવથી પ્રભાવિત કરી રહી છે.





ભારતના ડેરી ઉદ્યોગમાં મહિલાનો પ્રભાવ ગહન છે—આર્થિક રીતે, તે 80 મિલિયનથી વધુ ગ્રામીણ પરિવારોને ટેકો આપે છે, જેમાંથી ઘણાં સ્ત્રીઓ દ્વારા સંચાલિત છે, અને રાષ્ટ્રીય અર્થતંત્રમાં 5% યોગદાન આપે છે. સામાજિક રીતે, તે સશક્તિકરણને પ્રોત્સાહન આપે છે, જેમાં સ્ત્રીઓ નાણાકીય સ્વતંત્રતા અને નિર્ણય લેવાની સત્તા મેળવે છે. જેમ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2022માં નોંધ્યું હતું, "સ્ત્રીઓ ભારતના ડેરી ક્ષેત્રની સાચી લીડર છે," જે તેમના આ અતિ મહત્વના ઉદ્યોગમાં અનિવાર્ય યોગદાનની સાક્ષી છે. તેમનું કામ માત્ર ગ્રામીણ આજીવિકાને ટકાવી રાખતું નથી, પરંતુ ભારતને વૈશ્વિક ડેરી મહાસત્તા તરીકે પણ સ્થાન આપે છે.



## મહિલા પશુપાલકો: ગ્રામીણ અર્થતંત્રનો મજબુત આધારસ્તંભ

બનાસ ડેરીની મહિલા પશુપાલકો ગ્રામીણ અર્થતંત્રના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમના હાથમાં પશુપાલન માત્ર રોજગારીનું સાધન નથી, પણ તે આત્મનિર્ભરતા અને સમૃદ્ધિનું પ્રતિક છે. સખત મહેનત, સંકલ્પશક્તિ અને કુશળ વ્યવસ્થાપન દ્વારા આ મહિલાઓ કુટુંબ અને સમાજને ઉન્નતિની દિશામાં આગળ વધારતી રહે છે. પશુપાલન ક્ષેત્રે મહિલાઓએ જુસ્સા અને સમર્પણથી કાર્ય કરીને ગ્રામીણ વિસ્તારોમાં દૂધ ઉત્પાદન, પશુ સંભાળ અને ઉદ્યમી પ્રવૃત્તિઓમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા છે. તેમનું મેનેજમેન્ટ, જાણકારી અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવાની તૈયારી, તેમને એક સક્ષમ અને સશક્ત ઉદ્યોગસાથી બનાવે છે. આજની મહિલા પશુપાલકો માત્ર ઘરના આંગણામાં પશુઓની સંભાળ રાખતી નથી, પણ ડેરી ઉદ્યોગ, દુગ્ધ ઉત્પાદન અને દૂધ સિવાયના અન્ય ક્ષેત્રોમાં પણ નવી તકનીકો અને ઉદ્યોગસાહસિકતા અપનાવી રહી છે. તેમની મહેનત અને સમર્પણના કારણે દેશનું દૂધ ઉત્પાદન ઉંચી સપાટીએ પહોંચી રહ્યું છે.

આજે બનાસ ડેરી ભારતની જ નહીં, પરંતુ વિશ્વની સૌથી ઝડપી વિકાસ પામતી ડેરીઓમાં સ્થાન મેળવી ચૂકી છે. છેલ્લા દસ વર્ષમાં તે વિશ્વસ્તરે નવું સ્થાન પ્રાપ્ત કર્યું છે, અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના દ્રઢ નેતૃત્વ હેઠળ ભારતના ઈતિહાસમાં પ્રથમવાર એક જ જિલ્લામાં બીજો અતિઆધુનિક ડેરી પ્લાન્ટ નિર્માણ પામ્યો છે. આ એક માઇલસ્ટોન છે, જે દૂધ ઉદ્યોગના ક્ષેત્રમાં ભારતને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડશે. બનાસ ડેરીની આ યાત્રા માત્ર વિકાસની નથી, પણ સંકલ્પ અને સમર્પણની પ્રતિક છે, જે એક શાનદાર ભવિષ્યની નિશાની છે.



**સાચે જ, મહિલા પશુપાલકો માત્ર એક વ્યાવસાયિક સમૂહ નથી, પણ તેઓ ગ્રામીણ ભારતના વિકાસ અને આત્મનિર્ભરતાનું પ્રતીક છે.**

# સ્વચ્છ દૂધનું ઉત્પાદન

દૂધ એ પ્રાકૃતિક પોષક તત્વોનો ઉત્તમ સ્ત્રોત છે, જેણે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં અને લોકોનું જીવન ધોરણ સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ચેરમેન શ્રી શંકરભાઈ ના નેતૃત્વમાં દૂધનું સંપાદન તો વધ્યું જ સાથે પશુપાલકોની આવક-સુખ સુવિધામાં પણ અદભૂત પરિવર્તન આવ્યું છે. પરંતુ આજના આધુનિક યુગમાં સ્વચ્છ દૂધનું ઉત્પાદન થાય તે મહત્વનું છે. ગાય કે ભેંસનું દૂધ મંડળીમાં આપી દેવાથી જવાબદારી પુરી થઇ જતી નથી. અત્યારે આપણો ભારત દેશ દુનિયાભરમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં સૌથી આગળ છે, પરંતુ આ પરિસ્થિતિમાં પશુપાલકોની જવાબદારી વધુ વધી જાય છે. બદલાતા સમય સાથે દુધને સ્વચ્છ રાખવાની જવાબદારી આજના સમયની માંગ છે ત્યારે આજે સ્વચ્છ દૂધનું ઉત્પાદન કેવી રીતે કરવું તે અંગે અહિયા જણાવવામાં આવ્યું છે. જો સ્વચ્છ દૂધનું ઉત્પાદન થાય અને વાનગીઓ બને તો પશુપાલક પરિવાર અને ડેરીને ફાયદો થશે.



## સ્વચ્છ દૂધ ઉત્પાદનનું મહત્વ

- સ્વચ્છ દૂધ ઉત્પાદનથી ઉત્પાદક, વિતરણ કરનાર અને વાપરનાર એમ ત્રણેયને ફાયદો થાય છે.
- સ્વચ્છ દૂધથી ઉત્પાદકને ભાવ ઊંચા મળે છે તથા સમૃદ્ધિમાં વધારો થાય છે.
- સ્વચ્છ દૂધ થકી આરોગ્ય સારું રહે છે અને પૌષ્ટિક આહાર મળે છે.
- સ્વચ્છ દૂધ લાંબા સમય સુધી બગડતું નથી જેથી તેનો વેપાર કરનાર પોતાની અનુકુળતાએ તેનો વેપાર કે વિતરણ કરી શકે છે.
- સ્વચ્છ દુધની બનાવટો વધુ સમય સુધી સાચવી શકાય છે તેમજ ઉચ્ચ ગુણવત્તાયુક્ત રહે છે.
- દૂધની પેદાશોની નિકાસ કરવાનું સરળ રહે છે.

દૂધ અને તેની બનાવટોના આરોગ્યને લગતા ધારાધોરણો જાળવવાનું કામ સરળ બને છે.



## સ્વચ્છ દૂધનું ઉત્પાદન કરવા આ બાબતોને ધ્યાનમાં રાખીએ

- પશુને સ્વચ્છ અને નિરોગી રાખવું.
- પશુ બાંધવાની જગ્યા (ગમાણ) સ્વચ્છ રાખવી.
- તેને સ્વચ્છ પાણી પીવા આપવું.
- દૂધ દોહવા અને દૂધ રાખવા માટે સ્ટેનલેસ સ્ટીલનાં સ્વચ્છ વાસણનો જ ઉપયોગ કરવો.
- દૂધ દોહતા પહેલાં હાથ સાબુથી ધોવાં.
- બાવલાં સ્વચ્છ પાણીથી ધોઈને સાફ ધોયેલા કપડાથી સૂકવવા.
- દૂધ દોહતા પહેલાં દરેક આંચળ માંથી દૂધની એક-બે ધાર બહાર જતી કરવી.
- દૂધ દોહનાર સ્વચ્છ અને નિરોગી માણસ હોય, જેઓ બીડી, તમાકુ, પાન વગેરેનું દોહતી વખતે સેવન ન કરે.
- દૂધ આપતાં પશુનું લીલો ચારો ખવડાવવો.
- દોહ્યા પછી બાવલાં સ્વચ્છ પાણીથી ધોવાં અને પછી જીવાણુંનાશક મિશ્રણમાં બોળવાં જેથી આંચળમાં થતાં રોગથી બચે.
- દૂધ ઢાંકીને મંડળી સુધી જલ્દી પહોંચાડવું.
- જો સંભવ હોય તો મંડળી પર દૂધ ઠંડું રાખવુ જેથી તે બગડે નહીં.

બનાસ ડેરી સાથે જોડાયેલ સૌ પશુપાલકો ઉપર જણાવેલ બાબતોને ધ્યાનમાં રાખીને દૂધનું ઉત્પાદન કરે તો દૂધ ઉત્પાદકો, ડેરી તેમજ ગ્રાહકોને ફાયદો થશે. ચાલો, આપણે સૌ સ્વચ્છ દૂધ ઉત્પાદનની ઝુંબેશમાં જોડાઈ મોટા પ્રમાણમાં સ્વચ્છ દૂધનું ઉત્પાદન કરીએ.







" સલામ છે બનાસના આ શ્રમશીલ હાથોને,
જેણે બનાવ્યો ભારતને દુધનો મહાસાગર! "




















# સંજીવની ખાતર: પ્રાકૃતિક ખાતરનાં હકારાત્મક પરિણામો

**પ્રાકૃતિક ખેતી એ રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ કર્યા વિના કુદરતી પદ્ધતિઓનો ઉપયોગ કરીને ખેતી કરવાની રીત છે. આ પદ્ધતિ માનવ આરોગ્ય, પર્યાવરણ, અને જમીનની પ્રાકૃતિક ક્ષમતા જાળવવા માટે ખૂબ ફાયદાકારક છે. અહીં કેટલાક મુખ્ય ફાયદા છે:**

**માટીનું સ્વાસ્થ્ય સુધારે છે:** પ્રાકૃતિક ખેતીમાં કુદરતી ખાતર, કંપોસ્ટ અને લીલા ખાતરનો ઉપયોગ થાય છે, જે જમીનના કાર્બન સ્તર અને સુક્ષ્મજીવોની જાળવણીમાં મદદ કરે છે. માટીનું કુદરતી પોષણ જળવાય છે, અને તે લાંબા ગાળે વધુ ફળદ્રુપ બને છે.

**પર્યાવરણની રક્ષા:** પ્રાકૃતિક ખેતી રાસાયણિક પદાર્થોના ઉપયોગ વિના થાય છે, જે જમીન, પાણી અને હવાની ગુણવત્તામાં સુધારો કરે છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓમાં જમીનની ભેજ જાળવવાની ક્ષમતા વધુ હોય છે, જે જમીનને સ્વાભાવિક રીતે ભેજમય રાખવામાં સહાય કરે છે.

**પાકની ગુણવત્તા વધારે છે:** પ્રાકૃતિક ખેતીમાં ફળવી અને પોષકવાળી ઉપજ થાય છે, જેનો પોષણમૂલ્ય રાસાયણિક ખાતરો વડે ઉગાડેલા પાક કરતા વધારે હોય છે. તેનાં ખોરાકમાં વિટામિન, ખનિજ તત્ત્વો અને પ્રાકૃતિક એન્ટી-ઓક્સિડન્ટ્સ વધુ પ્રમાણમાં હોય છે, જે આરોગ્ય માટે ખૂબ લાભકારી છે.

**લાંબા ગાળે ખર્ચમાં ઘટાડો:** પ્રાકૃતિક ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકો જેવી મોંઘી વસ્તુઓનો ઉપયોગ ન હોવાથી ખેડૂતો માટે આર્થિક રીતે સસ્તી રહે છે. એકવાર પદ્ધતિ યોગ્ય રીતે અપનાવાય પછી જમીન વધુ સ્વસ્થ બને છે, અને પાકની ઊપજ લાંબા ગાળે સ્થિર રહે છે.

**મનુષ્ય આરોગ્યને રક્ષણ:** પ્રાકૃતિક ખેતીમાં ઉગાડેલ ખોરાકમાં કોઈ પણ હાનિકારક કેમિકલ્સ, ઝેરી પદાર્થો કે જંતુનાશક દવાઓના અવશેષો રહેતા નથી. આથી માનવ આરોગ્ય માટે તે વધુ સુરક્ષિત અને લાભદાયક છે.

**ટકાઉ ખેતી:** પ્રાકૃતિક ખેતી પ્રકૃતિના પ્રાકૃતિક ચક્રો અને માળખા પર આધારિત હોવાથી તે લાંબા ગાળે વધુ સ્થિર છે. આ પદ્ધતિ જમીનની કુદરતી ઉર્જાને ફરીથી ભરવા માટે કામ કરે છે, જેના કારણે જમીન નબળી થવાની તકો ઘટી જાય છે.

**પશુપાલન અને ખેતીનું જોડાણ:** પ્રાકૃતિક ખેતીમાં પશુપાલન અને ખેતીનો જૈવિક સમન્વય થાય છે, જેમાં ગાયનું ગોબર, ઘાસ, ખાતર અને અન્ય કૃષિ અવશેષો વપરાઈ જમીન અને પાક માટે પોષક તત્ત્વો પુરા કરવામાં આવે છે.

**નિષ્કર્ષમાં, પ્રાકૃતિક ખેતી માત્ર જમીન અને પર્યાવરણ માટે જ નહીં, પરંતુ માનવ આરોગ્ય અને આર્થિક બચત માટે પણ ખૂબ ફાયદાકારક છે.**











# થરાદમાં છે દેશની પ્રથમ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી

**બનાસ ડેરી દ્વારા નિર્મિત અતિઆધુનિક સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરીથી આપણી માટીના ધબકારા જીવંત થશે**

માટી... માત્ર ધૂળ નહીં, આપણા માટે જીવનદાતા છે. એ જ માટી, જેનાથી ખેડૂતના ખોળામાં સોનાની લહેરીઓ ઉગી નીકળે. પણ જો એ માટી જ બીમાર થઈ જાય, તો શું થશે?

માટી ચકાસણી પ્રયોગશાળા એ જમીન માટે ડોકટર જેવી છે. અહીં માટીનું સ્વાસ્થ્ય તપાસાય છે, એમાં શું ઓછું છે, શું વધારે, અને શું જોડવું જોઈએ—આ બધું જાણવા મળે. એક ખોટો નિર્ણય, એક ખોટી ખાતર અથવા ઝેર જેવી દવા, માટીનું જીવન છીનવી શકે. પણ જો સમજીને, પરીક્ષણ કરીને ખેતી કરીએ, તો ધરતી પણ ખુશ અને ખેડૂત પણ ખુશ.

બનાસ ડેરી અને ઈશા ફાઉન્ડેશન સાથે મળી પશુપાલક, ખેડૂતો અને ભાવિ પેઢીના ભવિષ્યને સુરક્ષિત બનાવવાનાં, બનાસકાંઠાની ધરતીના ધબકારને જીવંત કરવાનાં ઉદ્દેશ્ય સાથે થરાદ ખાતે નવનિર્મિત દેશની પ્રથમ સોઇલ ટેસ્ટ લેબોરેટરી-બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી (BSTL)નું લોકાર્પણ ચેરમેન શ્રી શંકરભાઈનાં વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું. બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી જિલ્લાના ખેડૂતો માટે કેવી રીતે આશીર્વાદરૂપ સાબિત થશે. સોઇલ ટેસ્ટ માટેની વૈશ્વિક સ્તરની આધુનિક લેબ છે, જેમાં જમીનની જૈવિક પાસાઓની તપાસ થશે, માટીના સૂક્ષ્મ જીવાણુઓનો અભ્યાસ થશે, ટકાઉ માટી વ્યવસ્થાપન માટે નવો માપદંડ સ્થાપિત થશે અને ખેડૂતોને સોઇલ હેલ્થ રિપોર્ટ મળશે.

બનાસ ડેરી દ્વારા બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી (BSTL), બનાસ સેવ સોઇલ ફાર્મર પ્રોડ્યુસર કંપની (B S S F P C) અને બનાસ બાયોફર્ટિલાઇઝર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી (BBRDL)નું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.







**બનાસ ડેરીનું વધુ એક ક્રાંતિકારી કદમ એટલે બનાસ બાયો ફર્ટિલાઇઝર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી. આ લેબોરેટરી થકી જમીનની ફળદ્રુપતા અને તેને લગતા આનુષાંગિક વિષયો પર કામગીરી કરી ખેડૂતોની આવક વધારવા માટે કારગર સાબિત થશે.**

**જ્યારે ખેડૂત સમૃદ્ધ થાય, ત્યારે દેશ સશક્ત થાય છે. બનાસ ડેરી અને ઈશા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે જિલ્લાના ખેડૂતોના જીવનમાં પાયાના સ્તરે પરિવર્તન લાવવા ભારતની સૌ પ્રથમ ફાર્મર પ્રોડ્યુસર કંપનીની સ્થાપના કરવામાં આવી. આ કંપની ખેડૂતોની જમીનની જૈવિક શક્તિમાં વધારો કરવા વધારવા વિવિધ પ્રકારના આયામો હાથ ધરશે.**

**પશુપાલન સાથે સાથે કૃષિલક્ષી બાબતોમાં પણ અગ્રેસર બનાસ ડેરી.**
**ખેડૂતોને જમીન ફળદ્રુપ બને અને બધુ ઉપજ મેળવતા થાય તેના માટે જમીન પરીક્ષણ જરૂરી છે.**
**જેથી સાનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરી ખેડૂત પગલા લઇ શકે. જેના માટે બનાસ ડેરી દ્વારા**
**જમીન પરીક્ષણ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.**






બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરીનાં નિર્માણ સંદર્ભે ચેરમેન શ્રી શંકરભાઇ જણાવે છે કે વર્ષોથી જોખમી રસાયણોના ઉપયોગને કારણે જમીનની ફળદ્રુપતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેના પરિણામે પાકની ઉત્પાદકતા ઓછી થઈ છે અને જમીનમાં પાણીનું સ્તર પણ ઘટ્યું છે. આ કારણે પાક ઉત્પાદનનો ખર્ચ વધ્યો છે અને ખેડૂતો પર આર્થિક બોજ વધ્યો છે. આ સમસ્યાના ઉકેલ માટે બનાસ ડેરીએ દેશની પ્રથમ સોઇલ ટેસ્ટ લેબોરેટરીનું નિર્માણ કર્યું છે. ઈશા ફાઉન્ડેશનના સ્થાપક પૂજ્ય સદ્‌ગુરુની બનાસકાંઠા મુલાકાત બાદ બનાસ ડેરીએ માટીને પુનર્જીવિત કરવાની કામગીરી હાથધરી હતી. ઈશા ફાઉન્ડેશનના અનેક વૈજ્ઞાનિકો બનાસના ખેડૂતો માટે તેમજ માટીમાં રહેલી જીવંતતા ફરી કાર્યરત કરવા કામ કરી રહ્યા છે. થરાદમાં બનેલી બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી દેશની પ્રથમ માટીની જીવંતતા ચકસવાની લેબોરેટરી છે. જેમાં માટીમાં રહેલી જીવંતતા જાણી શકાય છે. જે બતાવશે કે ખેડૂતના ખેતરમાં રહેલી માટીમાં પોષકતત્વો કેટલાક પ્રમાણમાં છે.

માટી જીવંત બનશે તો આપણે જે આજે ખોરાક બાદ ન્યુટ્રિશન લેવા પડે છે તેની જરૂર નહી રહે. આજે આપણે આપણાં પૂર્વજોએ આપેલી સંસ્કૃતિ ભૂલ્યા છીએ. જે સંસ્કૃતિ આપણે ફરી અપનાવવી પડશે. બનાસ ડેરી ખેડૂતોને સમજાવી તેમની ખેતીમાં ધીરેધીરે બદલાવ લાવી રહી છે, બનાસકાંઠાની માટીને જીવંત બનાવવા માટે પ્રયત્નો કરી રહી છે. ખેડૂતો વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવશે તો તેનો ફાયદો ખેડૂતોને થશે. થરાદમાં તૈયાર થયેલી સોઇલ ટેસ્ટ લેબોરેટરીના રિપોર્ટના આધારે બનાસ ડેરી ખેડૂતોને માટીની જીવંતતા વધારવા માટે સલાહ આપે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના સમન્વય થકી માટીને જીવંત બનાવવા બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી પ્રયત્નશીલ છે.





પાકના ઉત્પાદન માટે માટીનું સ્વાસ્થ્ય અને તેની ફળદ્રુપતા મહત્વપૂર્ણ છે. માટીનું સ્વાસ્થ્ય જાળવવા માટે તેની ચકાસણી કરવી જરૂરી છે. સોઇલ ટેસ્ટ લેબોરેટરી દ્વારા માટીનું વિશ્લેષણ કરવામાં આવશે, જેનાથી માટીમાં કયા તત્વો કેટલા પ્રમાણમાં હાજર છે અને કયા પાક માટે કેટલા પ્રમાણમાં આપવાં જરૂરી છે તે જાણી શકાશે. બનાસ ડેરી દ્વારા આ લેબોરેટરીનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં ઈશા ફાઉન્ડેશનના અનેક વૈજ્ઞાનિકો ખેડૂતોની માટીનાં હેલ્થની તપાસણી કરીને તેને શ્રેષ્ઠ બનાવવા માટેનું કાર્ય કરશે.

## બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી શું છે.

બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી માટીની હેલ્થની ચકાસણી કરવા માટેની દેશની પ્રથમ પ્રયોગશાળા છે, જેની મદદથી ખેડૂતો જાણી શકશે કે તેમની માટીમાં કયા પોષક તત્વોની જરૂર છે, માટીને પુનર્જીવિત કરવા અને લાભદાયી બનાવવા શું કરવું જોઈએ. આ બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરીમાં ખેડૂતોને માટીની તંદુરસ્તી, પોષકતત્ત્વો, જમીનમાં ભેજનું સ્તર, ગુણવત્તા અને જમીનની નબળાઈઓને સુધારવાની રીતો વિશે માહિતગાર કરવામાં આવશે.

સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરીનું મહત્વ જમીનની ગુણવત્તાની ચકાસણી અને વૈજ્ઞાનિક વિશ્લેષણ માટે અતિ મહત્વપૂર્ણ છે. આ લેબોરેટરીમાં જમીનની પ્રકાર, પોષક તત્વો, pH સ્તર, મોઈશ્ચર કન્ટેન્ટ અને અન્ય વિવિધ ગુણવત્તાઓની તપાસ કરવામાં આવે છે. આ પરીક્ષણો ખેડૂતો, ઈજનેરો અને વૈજ્ઞાનિકોને જમીનની સ્થિતિ અને ઉત્પાદનક્ષમતા અંગે મહત્વપૂર્ણ માહિતી આપે છે, જે યોગ્ય ખેતી અને સંશોધન માટે ઉપયોગી થાય છે.



# "ઓર્ગેનિક ખેતી: ખેડૂતની સફળતા, ધરતીની તંદુરસ્તી!"

## સેવ સોઇલ અભિયાન (માટી બચાવો) થકી મળેલ ફળદાયી પરિણામ

મારું નામ ચૌધરી અમૃતભાઈ હરશેગભાઈ છે, અને હું થરાદ તાલુકાના નાનીપાવડ ગામનો રહેવાસી છું. હું ઘણા વર્ષોથી ખેતી કરું છું, પરંતુ ઓર્ગેનિક ખેતી કરવા બનાસ ડેરીએ પ્રેરણા પુરી પાડી. શરૂઆતમાં મનમાં થતું હતું કે ઓર્ગેનિક ખેતીથી ખરેખર ફાયદો થશે ખરો? બનાસ ડેરી અને સેવ સોઇલના સહયોગથી ઓર્ગેનિક રીતે મગફળીની ખેતી કેવી રીતે કરવી તે માટે વિશેષ તાલીમ મળી. આ તાલીમ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ.

મારે ૨ એકર જમીનમાં ઓર્ગેનિક પદ્ધતિથી ખેતી કરવી હતી, માટે મેં કોઈપણ પ્રકારના રસાયણ, દવા કે બનાવટી ખાતર વિના ૮૦ કિલો મગફળી વાવવા માટે મેં તૈયારીઓ શરૂ કરી. શરુઆતમાં મનમાં થોડો સંકોચ હતો કે રસાયણ વિનાની ખેતીમાં મગફળી યોગ્ય રીતે ઉગશે કે નહીં, પરંતુ મગફળી વાવ્યા પછી મને જે પરિણામો મળ્યા, તેનાથી મનમાં રહેલો ડર દુર થઇ ગયો. આ નવી પદ્ધતિ વધુ પ્રાકૃતિક અને કુદરતને સાચવે છે.



બનાસ ડેરી અને સેવ સોઇલ દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા મારા માટે એક માર્ગદર્શક પ્રકાશ તરીકે સાબિત થઈ. આ માર્ગદર્શિકા મુજબ, મેં ખેતીના વિવિધ તબક્કાઓમાં યોગ્ય પદ્ધતિઓ અપનાવી, જેનાથી મારા ખેતરમાં થયેલા ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો. સચોટ અને કાળજીપૂર્વક આપેલી આ માર્ગદર્શિકાની મદદથી મગફળીનું ઉત્પાદન વધારે થયું છે, અને વાવેતર બાદ પાકની વૃદ્ધિ પણ અદ્ભુત થઈ રહી છે.

આ જ્ઞાન અને માર્ગદર્શનથી જે પરિણામો પ્રાપ્ત થઈ રહ્યાં છે, તેનાથી હું ખૂબ જ ખુશ છું. મગફળીના છોડ ખૂબ સારા પ્રમાણમાં ઉગ્યા છે અને તેમનો વિકાસ પણ સારી રીતે થઈ રહ્યો છે. આ સફળતાને કારણે નાનીપાવડ ગામના અને પાડોશના મોટી પાવડ ગામના ઘણા ખેડૂતોને આ નવી પદ્ધતિ વિશે માહિતગાર થવાનો મોકો મળ્યો. તેમણે મારા ખેતરમાં આવીને મગફળીની ઓર્ગેનિક ખેતી કેવી રીતે થાય છે તેની સમીક્ષા કરી અને શીખ્યું.

આ રીતે, બનાસ ડેરી અને સેવ સોઇલ તરફથી ઓર્ગેનિક ખેતી સંબંધિત મળેલ માર્ગદર્શનની મદદથી ઓર્ગેનિક ખેતી તરફ ખેડૂત સમુદાયના લોકોનો પણ અભિગમ બદલાયો છે. આ તકથી મને ખૂબ ગર્વ છે કે હું મારો નાનો ફાળો પ્રકૃતિને બચાવવા માટે આપી રહ્યો છું તેમજ ખાતર અને રસાયણનો ઉપયોગ ટાળીને સ્વસ્થ જમીન અને સ્વસ્થ પાક પેદા કરું છું. હું હૃદયપૂર્વક બનાસ ડેરી અને સેવ સોઇલ અભિયાનનો આભાર માનું છું, જેમણે મને આ નવી દિશામાં માર્ગદર્શન પૂરું પાડ્યું.





"
# તમારા પરિવાર માટે શુદ્ધતા અને તંદુરસ્તી
"

## બનાસ નવરસ ચક્કી આટા

શુદ્ધ અને પૌષ્ટિક ભોજન માટે હવે ઘરમાં લાવો બનાસ નવરસ ચક્કી આટા – ૧૦૦% શુદ્ધ ઘઉંથી બનેલો, કોઇ મેદો નહીં, ઓછા ભેજવાળો અને સંપૂર્ણ કુદરતી!

બનાસ ડેરીનાં અદ્યતન મોર્ડન આટા પ્લાન્ટમાં બનેલ બનાસ નવરસ ચક્કી આટો નરમ, સ્વાદિષ્ટ અને પૌષ્ટિક રોટલી માટે પહેલી પસંદગી છે. ઓછું ભેજ હોવાના કારણે આટો લાંબા સમય સુધી તાજો રહે અને તેના પોષક તત્વો યથાવત્ જળવાય છે. આરોગ્યવર્ધક જીવન માટે બનાસ નવરસ ચક્કી આટા આજે જ અજમાવો અને શુદ્ધતાનો અસલ સ્વાદ અનુભવો!

